**નયારા એનર્જીએ છોટા ઉદેપુરમાં એસ્સાર પેટ્રોલપંપ આઉટલેટમાં વડાપ્રધાન જન ઔષધિ કેન્દ્રને ખુલ્લું મુક્યું**

**૫૦ હજારથી વધુની વસતિને પરવડી શકે એવા આરોગ્ય સંભાળ ઉત્પાદનોને પ્રદાન કરવાનો ઉદેશ્ય**

**૧૫ નવેમ્બર ૨૦૧૯, છોટા ઉદેપુર, ગુજરાતઃ** ગુજરાતમાં જાહેર આરોગ્ય સુધારણામાં પોતાની કટિબધ્ધતાને પુનરાવર્તિત કરતાં નયારા એનર્જીએ આજે ગુજરાતના છોટા ઉદેપુરમાં વડાપ્રધાન જન ઔષધિ કેન્દ્રમાં ભાગિદારી જાહેર કરી છે. નયારા એનર્જી અને ભારત સરકારની મુખ્ય યોજના વચ્ચે સહકાર આપવાનું આ પ્રકારનું જોડાણ સૌ પ્રથમ વખત થયું છે જે વહેંચાયેલા મૂલ્યનું નિર્માણ કરવા માટે આંકલન કરવાનું એક નવું કેન્દ્રબિંદુ સુયોજિત કરે છે.

નયારા એનર્જીના એસ્સાર પેટ્રોલપંપ નસવાડી પેટ્રોલિયમ પર ખુલ્લા મુકાયેલા જન ઔષધિ કેન્દ્રમાંથી જીએમપી પ્રમાણિત જેનરિક દવાઓ રાહતભાવે આ વિસ્તારની ૫૦ હજારથી વધુની વસતિને મળી રહેશે.

એક અંદાજ મુજબ ભારતમાં દવાઓની ઊંચી કિંમતને કારણે ભારતમાં બે મિલિયનથી વધુ લોકો ગરીબીની રેખાથી નીચે જાય છે. નયારા એનર્જી ભારતના અલગ અલગ પ્રદેશોમાં રહેલા ૫૪૦૦થી વધુ રિટેલ આઉટલેટસનું સંચાલન કરે છે અને સામાન્ય પ્રજાને પરવડે એવી આરોગ્ય સંભાળ ઉપલબ્ધ બનાવવા માટે આ યોજનાને વધુ આગળ ધપાવવાનો ઉદેશ્ય ધરાવે છે.

**OOOO**

**નયારા એનર્જી વિશેઃ**

નયારા એનર્જી એ આંતરરાષ્ટ્રીય સ્તરની નવા યુગની ડાઉનસ્ટ્રીમ એનર્જી કંપની છે અને સમગ્ર હાઈડ્રોકાર્બન વેલ્યુ ચેઈનમાં રિફાઈનીંગથી રિટેઈલ સુધીનાં ક્ષેત્રોમાં મજબૂત હાજરી ધરાવે છે. ઓગષ્ટ, ૨૦૧૭માં આ કંપની આંતરરાષ્ટ્રીય રોકાણકાર રોઝનેફટ અને ગ્લોબલ કોમોડીટી ટ્રેડીંગ ફર્મ ટ્રાફીગુરા તથા યુસીપી ઈન્વેસ્ટમેન્ટ ગ્રુપના બનેલા કોન્સોર્ટિયમે હસ્તગત કરી હતી. કંપની હાલમાં ૨૦ મિલિયન મેટ્રીક ટન પર એનમની ક્ષમતા સાથે ગુજરાતના વાડીનારમાં ભારતની બીજી સૌથી મોટી સિંગલ સાઈટ રિફાઈનરીની માલિકી અને સંચાલન કરે છે. આ રિફાઈનરી એ વિશ્વની સૌથી આધુનિક અને જટિલ રિફાઈનરીઓ પૈકીની એક છે, જેની જટિલતા ૧૧.૮ છે, જે વૈશ્વિક સ્તરે સૌથી વધુ છે. નયારા એનર્જી વિશે વધુ માહિતી www.nayaraenergy.com પર ઉપલબ્ધ છે.


| **મિડીયા સમ્પર્ક** |
| --- |
| **પ્રફુલ્લ ટંકારિયા**<br>7574817106: prafull.tankaria@nayaraenergy.com<br>**રુજુતા દેશપાંડે**<br>9545099070 ; Rujuta.Deshpande@genesis-bcw.com |